# ***હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીની*** JUNIOR CLERK ***અને*** TECHNICAL ASSISTANT (LIBRARY) ***ની ભરતી અંગે ઉમેદવારો માટે પરીક્ષાલક્ષી અગત્યની સૂચનાઓ***

૧. ઉમેદવારે પરીક્ષા માટે તા.૨૨/૧૨/૨૦૧૯ ના રોજ દર્શાવેલ સમયે સ્વખર્ચે ઉપસ્થિત રહેવાનું રહેશે.

૨. ઉમેદવારે તા.૧૬/૧૨/૨૦૧૯ થી યુનિવર્સિટી વેબસાઈટ પરથી હોલ ટીકીટ મેળવી લેવાની રહેશે. હોલ ટીકીટ અને તેની ફોટા સાથેની પ્રિન્ટ પોતાની સાથે રાખવી ફરજીયાત છે. હોલ ટીકીટ વગર ઉમેદવારને પરીક્ષા ખંડમાં પ્રવેશ આપવામાં આવશે નહીં.

૩. હોલ ટીકીટ સાથે ઉમેદવારે વધારાનું ફોટો ઓળખપત્ર અસલમાં જેમકે ડ્રાઈવીંગ લાયસન્સ / ચૂંટણી કાર્ડ / પાન કાર્ડ અથવા આધાર કાર્ડ પૈકી કોઈપણ એક ફરજીયાત પણે પોતાની સાથે રાખવાનું રહેશે. ફોટો ઓળખપત્ર વગર કોઈ ઉમેદવારને પરીક્ષા ખંડમાં પ્રવેશ આપવામાં આવશે નહી.

૪. ઉમેદવારે પરીક્ષા શરૂ થવાના એક–કલાક પહેલા પોતાના બ્લોકમાં હાજર થઈ અને હાજરી પત્રકમાં સહી કરવાની રહેશે. જે તે બીલ્ડીંગમાં પ્રવેશ દ્વાર પર ઉમેદવારોનુ સઘન ચેકીંગ કરવામાં આવશે.

૫. પરીક્ષા કેન્દ્ર / ખંડમાં ઉમેદવાર મોબાઈલ ફોન કે અન્ય કોઈપણ ઈલેકટ્રોનિક ઉપકરણો તથા પુસ્તક, નોટબુક, બ્લુટૂથ ડિવાઈસ, ઈયરફોન, હેડફોન, પેન ડ્રાઈવ, ટેબ્લેટ, કાગળના ટુકડા લઈ જઈ શકશે નહી. પરીક્ષા ખંડમાં ઉમેદવારે જો આવી કોઈપણ વસ્તુ સાથે રાખેલ હશે, તો ઉમેદવારે ગેરરીતિ આચરી છે, એમ માનવામાં આવશે અને આવા ઉમેદવારનું પરિણામ રદ કરવામાં આવશે અને આવા ઉમેદવારો યુનિવર્સિટી કેમ્પસમાં લેવાનાર કોઈપણ પરીક્ષા માટે બે વર્ષ સુધી ઉમેદવારી કરી શકશે નહી.

૬. ઉપર જણાવેલ કોઈપણ ઈલેકટ્રોનિક વસ્તુઓ માટે કલોક રૂમની વ્યવસ્થા યુનિવર્સિટી તરફથી કરવામાં આવશે નહી.

૭. પરીક્ષા શરૂ થયા બાદ કોઈપણ ઉમેદવારને કોઈપણ સંજોગોમાં પરીક્ષાખંડની બહાર જવા દેવામાં આવશે નહી. પરીક્ષા પુરી થયા પછી જ ઉમેદવાર પરીક્ષા ખંડ / કેન્દ્ર છોડી શકશે.

૮. પરીક્ષા દરમ્યાન ઉમેદવાર કેલ્કયુલેટર અથવા લોગ ટેબલનો ઉપયોગ કરી શકશે નહી.

૯. દરેક ઉમેદવારે પરીક્ષા ખંડમાં નિરીક્ષક દ્વારા આપવામાં આવતી દરેક સૂચનાઓનું ચૂસ્ત પાલન કરવાનું રહેશે. નિરીક્ષક અથવા અન્ય પરીક્ષાકર્મી સાથે ઉમેદવારે કોઈપણ જાતની દલીલ કે તકરાર કરવી નહી. સૂચનાઓનું પાલન ન કરનાર ઉમેદવારે પરીક્ષામાં ગેરરીતિ આચરી છે, એમ ગણવામાં આવશે અને આવા ઉમેદવારનું પરિણામ રદ કરવામાં આવશે.

૧૦. પરીક્ષાખંડમાં સંપૂર્ણપણે શાંતિ જાળવી રાખવી. ઉમેદવારે અન્ય ઉમેદવાર સાથે કોઈપણ જાતની વાતચીત કરવી નહી કે કોઈને હેરાનગતિ / કનડગત કરવી નહી. આવું કરતા ઉમેદવારનું પરિણામ રદ કરવામાં આવશે.

૧૧. ઉમેદવારોને પ્રશ્નોના ઉત્તર આપવા અલગથી OMR Sheet આપવામાં આવશે. આ OMR Sheet કોઈપણ સંજોગોમાં બદલી આપવામાં આવશે નહી. OMR ની કાર્બન લેસ નકલ છેલ્લા પાના પર હશે. ઉમેદવાર પરીક્ષા પૂર્ણ થયા બાદ પ્રશ્નપત્ર અને OMR Sheet ની નકલ પોતાની સાથે લઈ જઈ શકશે.

૧૨. ***પ્રશ્નના ખોટા ઉત્તર માટે નકારાત્મક ગુણ મૂલ્યાંકન પધ્ધતિ અમલમાં છે.*** આ અંગે જાહેરાતની સૂચનામાં દર્શાવવામાં આવેલ છે.

૧૩. OMR માં એક કરતા વધારે વિકલ્પ પસંદ કરેલ હશે તો કોઈ પણ વિકલ્પ માન્ય રાખવામાં આવશે નહી. ઉમેદવાર જવાબ પસંદગી સુધારવા માટે વ્હાઈટનરનો ઉપયોગ કરી શકશે નહી.

૧૪. ઉમેદવાર OMR માં વિકલ્પ પસંદગી માટે ફકત ભૂરી અથવા કાળી બોલપેનનો જ ઉપયોગ કરી શકશે. અન્ય રંગની બોલપેન અથવા શાહીનો ઉપયોગ માન્ય રહેશે નહી.

૧૫. OMR માં વિકલ્પ પસંદગી દર્શાવવા માટે આપેલ ○ નિશાનીમાં સંપૂર્ણપણે ભરાઈ જાય તે રીતે બોલપેનથી ● આ રીતે ભરવાનું રહેશે. જો નિશાનીની બહાર અથવા દર્શાવ્યા કરતા ખોટી રીતે નિશાની કરશે અને કમ્પ્યુટરમાં વાંચી શકાશે નહી તો તે જવાબ માન્ય રહેશે નહીં અને તેના ગુણ આપવામાં આવશે નહી.

૧૬. ઉમેદવાર પોતાની સાથે કોઈપણ જાતનો કિંમતી સામાન રાખી શકશે નહી અને જો રાખેલ હશે અને ખોવાઈ જશે તો પરીક્ષા એકમની કોઈ જવાબદારી રહેશે નહી.

૧૭. પરીક્ષાના દિવસે ઉમેદવારની બાયોમેટ્રીક હાજરી નોંધવાની હોઈ દરેક ઉમેદવારે એક કલાક વહેલા પરીક્ષા સ્થળ પર હાજર રહેવું. ત્યારબાદ તેમની બાયોમેટ્રીક હાજરી અંગેની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે. ત્યારબાદ તુરંત પોતાની બઠક પર બેસી જવું અને ખંડ નિરીક્ષક જે સૂચના આપે તે બરાબર સમજીને સમયસર ઉત્તરો લખવાની શરૂઆત કરવી.

૧૮. આ પરીક્ષા અંગે જે કંઈપણ પ્રશ્નો ઉપસ્થિત થાય તે અંગે માનનીય કુલપતિશ્રીનો નિર્ણય આખરી ગણાશે. અને કાયદાકીય ક્ષેત્ર પાટણ(૩૮૪૨૬૫) રહેશે.

૧૯. પરીક્ષા ખંડમાં ધુમ્રપાન / માવા–તમાકુ / ચા–કોફીનું સેવન પર સંપૂર્ણ નિષેધ છે.

૨૦. પરીક્ષા સમય દરમ્યાન તેમજ પૂર્ણ થયે દરેક ઉમેદવારે ખંડમાં શાંતિ જાળવવી અને સૂચના મળ્યા બાદ કોઈપણ જાતની ધક્કામુકી વગર પરીક્ષા ખંડ / કેન્દ્રમાંથી બહાર જવાનું રહેશે.